नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – **21**
No. of Printed Pages – **8**

# SS-24-Gujarati Sah.

## गुजराती साहित्य

**उच्च माध्यमिक परीक्षा, 2022**

**समय : 2 घंटे 45 मिनट**

**पूर्णांक : 80**

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

(1) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(2) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

(3) જે પ્રશ્નોમાં આંતરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(4) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

OFFICE COPY

## વિભાગ – અ (A) 30

1. નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો : (પ્રત્યેકનો 1 ગુણ)

(1) ગંગા સતી એ કયું કાવ્ય લખ્યું ? 1

(અ) ચાલ ફરીએ (બ) મળે ન મળે

(ક) મન નો ડગે (ડ) તેજલી

(2) કયુ ધન માણસને જ નહી પરંતુ સમગ્ર પરિવારને દુઃખ આપે છે ? 1

(અ) સાચું ધન (બ) ખોટું ધન

(ક) ચલ ધન (ડ) અચલ ધન

(3) ના હઠવું કાવ્યના કવિનું નામ ......... 1

(અ) નરસિંહ મહેતા (બ) મીરાંબાઈ

(ક) નર્મદ (ડ) પ્રેમાનંદ

(4) "કલ્યાણ" કયા પ્રકારનું કાવ્ય છે ? 1

(અ) કથા કાવ્ય (બ) પદ

(ક) સૉનેટ (ડ) ગઝલ

(5) 'મળે તેટલું માણ' કાવ્યમાં તૃષ્ણામાળનો અર્થ 1

(અ) ફૂલોની હારમાળા (બ) ઈચ્છાઓની હારમાળા

(ક) વરમાળા (ડ) પર્વતમાળા

(6) "ચહેરો" પાઠના લેખક તોલ્સ્તોય કયા દેશના નાગરિક હતા ? 1

(અ) ભારત (બ) રશિયા

(ક) ચીન (ડ) અમેરિકા

(7) 'આંગળી ઝાલીને એને દોરજે' પાઠમાં બાળકને શું શીખવાડવાનું કહે છે ? 1

(અ) ચોરી કરીને પાસ થવાં કરતાં નાપાસ થવામાં વધારે પ્રતિષ્ઠા છે.

(બ) ચોરી કરીને આગળ વધવામાં

(ક) ઓછી મહેનત કરી નકલ વધુ કરી સફળ થવામાં

(ડ) વિના મહેનત સફળ થવાના રસ્તા પર ચાલવાનું

OFFICE COPY

(8) કંસારી કેવા રાજાની દીકરી હતી ? 1

(અ) કંજુસ રાજા (બ) ડરપોક રાજા

(ક) નાના રાજ્યનો રાજા (ડ) શક્તિશાળી રાજા

(9) રેવતી-અમરો પાઠના લેખકનું નામ 1

(અ) ડૉ. સુધીર મોદી (બ) ડૉ. રમેશ પારેખ

(ક) નર્મદ (ડ) દલપતરામ

(10) યોગેન્દ્ર વ્યાસના મતે સૌથી વધારે ભયંકર રાષ્ટ્રરોગ કયો છે ? 1

(અ) મેલેરિયા (બ) કામચોરી

(ક) હાર્ટ એટેક (ડ) એઈડ્સ

OFFICE COPY

(11) લેખકે મુંડન શા માટે કરાવ્યું ? 1

(અ) બાપુજીના મૃત્યુને કારણે (બ) જનોઈ દેવાને કારણે

(ક) શોખે પડતા (ડ) માથામાં ગુમડું થવાથી

(12) જેસલમેર કેવું શહેર છે ? 1

(અ) ધાર્મિક શહેર (બ) ભૌગોલિક શહેર

(ક) પ્રાચીન ઐતિહાસિક શહેર (ડ) નદી કિનારેનું શહેર

2. નીચે આપેલી ખાલી જગ્યા પૂરો : (પ્રત્યેકનો 1 ગુણ)

(1) ચાલો સંગાતીઓ ! ______ સૂડવા જઈએ રે, 1

(2) દ્રવે ______ ને દ્રવે ______, દ્રવે રંકને દ્રવે રાયા. 1

(3) ડગલું ભર્યું કે ના હઠવું ના ______. 1

(4) નાનપણથી જ કંસારીની ______ બનવાની ઇચ્છા હતી. 1

(5) 'એક સમયનું જેસલમેર' ______ નિબંધ છે. 1

(6) 'મારે ચાંદો જોઈએ' નવલકથાની નાયિકા વર્ષાને ઘરમાં બધાં ______ કહે છે. 1

3. નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ છે.)

(1) સાજા નરવા નવજવાને જનરલને શી વિનંતી કરી ? 1

(2) કેવું ધન માણસને સુખી કરે છે ? 1

(3) કલ્યાણની માતાનું ચરિત્ર કાવ્યમાં કેવી રીતે ઉપસી આવે છે ? 1

(4) શિખરિણી છંદમાં કેટલા અક્ષર હોય છે ? 1

(5) ચાલો સંગાતીઓ ! માં સખીઓ કોની સાથે જાય છે ? 1

(6) આ જગતમાં વસવા માટે શું જોઈએ ? 1

(7) કંસારીને કયા ત્રણ મિત્રો હતા ? 1

(8) વાક્ય વિશ્લેષણ એટલે શું ? 1

(9) ડૉક્ટરે અમરા પાસેથી દવાનાં પૈસા કેમ ન લીધા ? 1

(10) ધવલ અને શરદ વહેલા શા કારણે નીકળી ગયા ? 1

(11) જેસલમેરની રહેણીકરણી કઈ સદીના હિંદનો ખ્યાલ આપે છે ? 1

(12) 'સપ્તરંગી ઈન્દ્રધનુષ' પાઠના લેખક અને અનુવાદક કોણ છે ? 1

OFFICE COPY

## વિભાગ – બ (B) 22

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો : (પ્રત્યેકના 2 ગુણ)

4. વ્યતિરેક અલંકારની વ્યાખ્યા સદ્રષ્ટાંત આપો. 2

5. પૃથ્વી છંદનું બંધારણ ઉદાહરણ સહિત લખો. 2

6. કાવ્યપંક્તિ સમજાવો – 'મેરુ રે ડગે ને જેનાં મન રે નો ડગે ......'. 2

7. જીવનમાં દ્રવનું મહત્ત્વ બે થી ત્રણ વાક્યમાં સમજાવો. 2

8. હિંમત ત્યજનારા વિશે કવિના શા વિચારો છે ? 2

9. કલ્યાણ કોના માર્ગને અનુસરે છે ? શા માટે ? 2

10. કીટો નામની છોકરી યુવકને જોઈને શા માટે શૂન્યમનસ્ક બની ગઈ ? 2

11. ઘરનાં પગથિયાં ઊતરતાં જ બાળક કેવા કેવા અનુભવો કરશે ? 2

12. 'એકલો ?' એવું કિશોરના મોં માંથી શા કારણે નીકળી ગયું ? 2

13. લેખકની દીકરી શૈલી મીનુ પાછળ શા કારણે ઘેલી થઈ ? 2

14. નીચેના વાક્યોનો રાષ્ટ્રભાષામાં અનુવાદ કરો :

(1) હું જોધપુર જાઉં છું. 1

(2) કાલે મારા પિતાજી આવશે. 1

**વિભાગ—ક (C)** 12

OFFICE COPY

નીચે આપેલા પ્રશ્નોના **ત્રણ થી ચાર** વાક્યોમાં ઉત્તર લખો : (પ્રત્યેકના **3** ગુણ)

15. નીચેની કાવ્ય-પંક્તિઓનો ભાવાર્થ સમજાવો : 3

"ફતેહ કરીને આગળ વધશું, અથવા અહીંયા મરશું;
પણ લીધેલું તે પાળીશું, રે વજ્જરનું કરશું, ડગલું."

**અથવા**

કલ્યાણ કયાં વીરગતિ પામ્યો ?

તેના હરદયમાં શું રહેલું હતું ?

16. નીચેના ગદ્યાંશની સપ્રસંગ વ્યાખ્યા કરો : 3

"દરમિયાન રાજા માટે મોટી સમસ્યા થઈ, દુકાળ અને પૂરે રાજ્યના બધા પાકનો નાશ કર્યો હતો. લોકો ભૂખે મરતાં હતાં. રાજા ઈન્દ્ર પાસે મદદ માટે ગયો ઈન્દ્ર એ કહ્યું તમારે મારી મદદની જરૂર નથી. તમારી દીકરી કંસારી લોકોને ખવડાવી રહી છે."

**અથવા**

"રેવતીના હાથમાં એક નાનું બાળક ચીંથરામાં વીટાંયેલું તાવથી લાલ લાલ થઈ ગયેલું, જાણ્યું કે સવારથી તાવ આવ્યો છે. પણ મજુરીએથી પાછા આવે ત્યારે જ ને દવાખાને આવી શકે ને."

17. નીચેની કાવ્ય-પંક્તિઓનો વિચાર વિસ્તાર કરો : 3

નમતાથી સૌ રીઝે, નમતાને બહુ માન,

સાગરને નદીઓ ભજે, છોડી ઊંચાં સ્થાન.

**અથવા**

સોબત કરતાં શ્વાનની બે બાજુનું દુઃખ,

ખીજ્યું કરડે પીંડીએ, રીઝ્યું ચાટે મુખ.

18. નીચેનો પઠિત ગદ્યાંશ વાંચી પ્રશ્નોના ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ)

"દુઃખ હોય તો હસવાનું શીખવજે, પણ રડવામાં શરમાવાપણું નથી તે પણ એને કહેજે, મીઠાશથી સાંભળવાનું કે કડવાશથી ન અકળાવવાનું એને શીખવજે. આત્મા અને હરદયના દ્વાર એ બંધ ન કરે એ જોજે."

**પ્રશ્નો :**

(I) દુઃખ આવે ત્યારે શું કરવાનું શીખવે છે ? 1

(II) સાંભળવાનું કેવી રીતે ? 1

(III) શાનાં દ્વાર એ બંધ ન કરે એ જોવાનું કહે છે ? 1

OFFICE COPY

## વિભાગ – ડ (D)

16

19. નીચે આપેલા અપઠિત ગદ્યાંશને વાંચીને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો : (પ્રત્યેક પ્રશ્નના ઉત્તરનો 1 ગુણ)

"અભ્યાસ અને વૈરાગ્યથી સત્ય મળે છે. એકનું સત્ય બીજાને અસત્ય લાગે છે. તો તેને ગભરાઈ જવાની જરૂર નથી. પોતાને સત્ય લાગે એ રીતે વર્તવું તે જ દરેકનું કર્તવ્ય છે. સત્યની શોધ તપશ્ચર્યા અને ત્યાગ માંગી લે છે. સત્યની આરાધના ખરૂં જોતાં આત્મબલિદાન માંગી લેતી ભક્તિ જ છે."

**પ્રશ્નો :**

(1) સત્ય શાનાથી મળે છે ? 1

(2) ક્યારે ગભરાઈ જવાની જરૂર નથી ? 1

(3) સત્યની શોધ શું માંગે છે ? 1

(4) સત્યની આરાધના કેવી છે ? 1

(5) ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો. 1

20. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા લખો : 5

ગામડાના માણસનું શહેરમાં જવું – મીઠાઈની દુકાન લુચ્ચો દુકાનદાર – સુગંધની કિંમત માંગવી – ગામડીયાની મૂંઝવણ – ડાહ્યા માણસની સલાહ – ખીસ્સામાનું પરચૂરણ ખખડાવવું – પૈસા વસુલ કરી લ્યો – દુકાનદારના ભોઠાં પડવું – સાર

**અથવા**

બે પડોશી – એકબીજાથી ઈર્ષ્યા – એક પડોશીએ વિચાર્યુ રાત્રે ખાડો ખોદવાનું – અંધારામાં ખાડામાં પડશે. લાગશે – બીજો પડોશી આવવાનું મોડું થવુ – પહેલાં ખાડો ખોદનારના પિતાજી આવ્યા – ખાડામાં પડ્યા – લાગ્યું – સાર

OFFICE COPY

21. નીચે આપેલા વિષયમાંથી કોઈપણ **એક** વિષય પર નિબંધ લખો : 6

(અ) મારો પ્રિય તહેવાર

(બ) મારું પ્રિય પુસ્તક

(ક) વિદ્યાર્થી જીવનમાં અનુશાસન

(ડ) કોરોના રોગચાળો – સાવચેતીના ઉપાયો

---

DO NOT WRITE ANYTHING HERE